# સમાજ કલ્યાણ શાખા,

## જિલ્લા પંચાયત, પાલનપુર, બનાસકાંઠા

ફોન નં.૦૨૭૪૨- ૨૫૨૬૩૧ ફેકસ નં. ૦૨૭૪૨ – ૨૫૨૬૩૧

ઇ-મેઇલ નં.swo-ddo-ban@gujarat.gov.in


નં.અજાક/સ.સા.યો./ ૫૨૭ /૨૦૧૯-૨૦ — તા.૨૫/૦૭/૨૦૧૯

સમય મર્યાદા

**પરિપત્ર**

બનાસકાંઠા જીલ્લામાં ચાલતી તમામ ગ્રાન્ટ ઇન એઇડ પ્રાઇવેટ તથા સરકારી માધ્યમિક શાળાના આચાર્યશ્રીને જણાવવાનું કે, તા.૧૯/૦૭/૨૦૧૯ ના રોજ મળેલ વિડીયો કોન્ફરન્સમાં માન.નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગુજરાત રાજય, ગાંધીનગરે આપેલ સૂચના અનુસાર ધો.૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની વિધાર્થીનીઓને "સરસ્વતી સાધના યોજના " હેઠળ મળવા પાત્ર સાયકલોની દરખાસ્ત અત્રેની કચેરીના પરિપત્ર નં.અજાક/સાયકલ/૨૧૫૪ થી ૨૨૨૯/૨૦૧૯-૨૦ તા.૨૭/૦૬/૨૦૧૯ થી ઓનલાઇન મોકલી આપવા જણાવવામાં આવેલ હતું. જે મુજબ દરખાસ્ત ઓનલાઇન મોકલવાની જ છે પરંતુ, હાલમાં શૈક્ષણિક સત્ર શરૂ થયેલ હોઇ વિધાર્થીનીઓને સમયસર સાયકલ મળી રહે અને વિધાર્થીનીઓને આવવા-જવામાં મુશ્કેલી ન પડે તે હેતુસર સાયકલની ઓફલાઇન દરખાસ્ત પણ મોડામાં મોડી તા.૩૧/૦૭/૨૦૧૯ ના રોજ મુદ્દામ માણસ સાથે અત્રેની કચેરીએ મોકલી આપવી તેમજ ઓનલાઇન દરખાસ્ત આપની કક્ષાએથી વિગતવાર માહિતી સાથે તા.૩૧/૦૭/૨૦૧૯ સુધીમાં મોકલી આપવાની રહેશે. જો આપની શાળાની દરખાસ્તો નિયત સમય મર્યાદામાં નહી મળે અને પાત્રતા ધરાવતી વિધાર્થીનીઓને સાયકલ સહાયના લાભથી વંચિત રહી જવા પામશે તો તે અંગેની સઘળી જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
બનાસકાંઠા પાલનપુર

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
જિલ્લા પંચાયત, બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
............................................
મું. ....................... તા. ...................... જિ.બનાસકાંઠા

નકલ સવિનય રવાના –

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગુજરાત રાજય, ગાંધીનગર

Scanned by CamScanner